ગાંધીનગર સમાચાર

ચીનની ઘુસણખોરીથી સરહદ પર તંગદિલી

ચુમાર, ડેમચોકમાં સરહદી મડાગાંઠને હળવી કરવા રાજદ્વારી ચેનલો સક્રિય ત્રણ ફ્લેગ મિટિંગો યોજાઈ પણ નિષ્ફળતા

લેહ,તા. ૨૨

લડાખના ચુમાર વિસ્તારમાં ચીની સૈનિકોની સાથે જારી મડાગાંઠમાં હવે નવો વળાંક આવ્યો છે. કારણ કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના જવાનોએ ભારતીય ક્ષેત્રની અંદર સાત ટેન્ટ લગાવીને પીછેહટ કરવાના કોઈ સંકત આપ્યા નથી. બીજી બાજુ ભારતીય સેનાએ પણ લડાખમાં ૧૫ બટાલિયનનોને હાઈએલર્ટ ઉપર મુકી દીધી છે. પૂર્વીય લડાખમાં રિઝર્વ યુનિટ તરીકે આ ૧૫ બટાલિયનોને રાખવામાં આવી છે. વિવાદાસ્પદ વિસ્તારમાં દાવા વચ્ચે કોઈપણ ખેંચતાણને ટાળવાના રાજદ્વારી પ્રયાસો થઈ રહ્યા છે પરંતુ સાથે સાથે જરૂર પડવાની સ્થિતિમાં ભારતીય સેના લડાયકરીતે પણ તૈયાર છે. ચુમાર અને ડેમચોક વિસ્તારમાં સરહદી મડાગાંઠને હળવી કરવા રાજદ્વારી ચેનલો સક્રિય થયેલી છે. ત્રણ ફ્લેગ મિટિંગો સ્થાનિક લશ્કરી કમાન્ડરો વચ્ચે યોજાઈ ચુકી છે પરંતુ આ ફ્લેગ મિટિંગો નિષ્ફળ ગઈ છે. સૂત્રોએ કહ્યું છે કે, પરિસ્થિતિ ખુબ જ પ્રવાહી છે પરંતુ તંગ નથી. પોતાના પ્રદેશ તરીકે ગણીને માર્ગ અથવા અન્ય કોઈપણ ગતિવિધિ કરવાની પીએલએને તક આપવામાં આવશે નહીં. જો ચીની સૈનિકો પીછેહઠ કરશે તો અમે પણ પીછેહઠ કરીશું પરંતુ સ્થિતિમાં હજુ સુધી કોઈ ફેરફાર થયો નથી. ચુમાર સેક્ટરમાં કેટલીક વ્યૂહાત્મક ચોકીઓમાં ૧૦૦૦થી વધુ પીએલએના સૈનિકો તૈનાત છે. બીજી બાજુ ચુમાર સેક્ટરમાં અગ્રીમ વિસ્તારોમાં ૧૦૦૦ ભારતીય સૈનિકો પણ તૈનાત છે. ૧૦મી સપ્ટેમ્બર બાદથી અહીં મડાગાંઠની સ્થિતિ થયેલી છે. કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા ભારતીય સેનાએ પણ પુરતી સંખ્યામાં જવાનો ગોઠવ્યા છે. સૂત્રોએ કહ્યું છે કે, ચીની સરકાર નરેન્દ્ર મોદી સરકારની કસોટી કરી રહી છે. એવું પણ જાણવા મળી રહ્યું

છે કે, વિશ્વાસ નિર્માણના ભંગના પગલા લઈને ચીની સૈનિકો ભુલ કરવાની ફરજ પાડી રહ્યા છે. ગયા વર્ષે એપ્રિલ-મે મહિનામાં ડીબીઓ સેક્ટરમાં ૨૧ દિવસ સુધી દેપસાંગ મડાગાંઠ ચાલી હતી. ચીની સૈનિકો શનિવારે વાહનો મારફતે ચુમાર વિસ્તારમાં પહોંચેલા ચીની સૈનિકોએ ભારતીય સેનાની વારંવાર ચેતવણી છતાં ટેન્ટ ગોઠવી દીધા છે. ભારત માટે રણનિતિની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ પોસ્ટ પોઈન્ટ ૩૦આરની નજીક આશરે ૧૦૦ ચીની સૈનિકો એકત્રિત થઈ ચુંકયા છે. આ જ પોસ્ટની મદદથી ભારતીય સેના ચીનના કબ્જાવાળા વિસ્તારમાં નજર રાખે છે. ચીની સૈનિકોની પ્રવૃતિને લઈને હવે નવી સમસ્યા સર્જાઈ ગઈ છે. અહીં ચીની સેના ભારતની સરખામણીમાં નબળી છે. જેથી ચીની જવાનો વારંવાર આ પોસ્ટની નજીક ઘુસણખોરી કરે છે. આ ઘુસણખોરી એ ઉપ ચીની સૈનિકોથી અલગ છે જે ચુમારની એક પહાડીમાં ગેરકાયદે રીતે અડ્ડો જમાવી ચુક્યા છે. ચીની સૈનિકોની માંગ છે કે ભારતીય જવાનો પણ સાથે સાથે આ વિસ્તારમાં ન રહે. પરંતુ ભારતીય સેના ત્યાં જ રહેવા ઈચ્છુક છે.આ વિસ્તારમાં ચીની હેલિકોપ્ટર પણ જોવા મળ્યા છે. જે ભારતીય સીમાનો ભંગ કર્યા વગર ફુડ પેકેડ આપી ચુક્યા છે. પીએલએના જવાનોએ ફુડ પેકેડ લઈ લીધા હતા અને પોતાની છાવણીમાં મુકી દીધા હતા. આ વિસ્તારમાં રવિવારે તંગદીલીની સ્થિતી એ વખતે સર્જાઈ ગઈ હતી જ્યારે પોતાની સરહદમાં માર્ગ નિર્માણ કરી રહેલા કેટલાક ચીની કામદારો ભારતીય સરહદમાં ઘુસી ગયા હતા. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે તેમની પાસે તાઈબલ સુધી માર્ગ બનાવવાનો આદેશ છે. તાઈબલ ભારતીય સીમામાં પાંચ કિલોમીટર અંદરના વિસ્તાર તરીકે છે. ચીની નાગરિકોને ભારતીય જવાનોએ ચેતવણી આપી હતી. હિમાચલપ્રદેશની નજીક લડાખના આ વિસ્તારમાં છેલ્લા ગામ તરીકે ચુમાર છે. આના પર ચીને હમેંશા દાવેદારી કરી છે. ચુમારને ચીની સૈનિકો પોતાના વિસ્તાર તરીકે ગણે છે.

મોદી ઈઝરાયેલી વડાપ્રધાનને મળે તેવી સંભાવના : અહેવાલ

નવી દિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર અને ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુ વચ્ચે બેઠક નક્કી કરવા માટે હાલમાં બન્ને દેશો ગણતરીમાં વ્યસ્ત બનેલા છે. બન્ને નેતાઓ મળે તેવી સ્થિતી ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બન્ને પક્ષો આને લઈને આશાવાદી પણ છે. ઈઝરાયેલી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખુબ નજીકના ગણે છે. કારણ કે લોકસભાની ચૂંટણીમાં જીત બાદ ૧૬મી મેના દિવસે મોદીને સૌથી પહેલા કોલ કરીને અભિનંદન આપનાર નેતાનયાહુ જ હતા. બન્ને એકબીજા સાથે પોતાની મિત્રતા વધુ મજબુત કરવા માંગે છે. નેતાનયાહુ તેમની પ્રાથમિકતાની યાદીમાં મોદીને રાખે છે. જ્યારે ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે હતા ત્યારથી જ મોદી પર તેઓ ધ્યાન આપી રહ્યા હતા. મોદીની કામગીરી અને તેમના અનુભવની નોંધ લેવામાં આવી છે. દરમિયાન વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ ઓક્ટોબરમાં તેમના ઈઝરાયેલી સમકક્ષ સાથે વાતચીત કરનાર છે. પહેલી ઓક્ટોબરના દિવસે વાતચીત યોજાનાર છે. ભારત-ઈજરાયેલી સંસદીય ફોરમમાં સુષ્મા વડા તરીકે રહેશે.મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ ભારત વધુ ઈઝરાયેલી તરફી વલણ રાખવા ઈચ્છુક છે. નરેન્દ્ર મોદી પડોશી દેશોની સાથે સાથે હવે વિશ્વના શક્તિશાળી નેતાઓ સાથે તેમની બેઠકોને લઈને ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. મોદી ટુંક સમયમાં બાંગલાદેશના શેખ હસીના અને શ્રીલંકન પ્રમુખ રાજાપક્ષે સાથે પણ વાતચીત કરનાર છે. ઈજરાયેલને વિશ્વમાં એક શક્તિશાળી દેશ તરીકે ગણવામાં આવે છે. પેલેસ્ટાઈન સાથે ઈઝરાયેલના હમેંશા તંગ સંબંધ રહ્યા છે. તેમની વચ્ચેની લડાઈ પણ વિશ્વમાં જાણીતી રહી છે.

નરેન્દ્ર મોદી ઉપવાસના લીધે અમેરિકામાં ડીનર નહી કરે મોદી ૨૬મી સપ્ટેમ્બરના દિવસે અમેરિકા રવાના

નવી દિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની ઐતિહાસિક યાત્રા હવે શરૂ થઈ રહી છે. અમેરિકામાં મોદીના સ્વાગતમાં વ્યસ્ત રહેલા ભારતીય સમુદાય દ્વારા તમામ તૈયારી કરવામાં આવી છે. જો કે મોદી અમેરિકાની યાત્રામાં કોઈ ભોજન કરશે નહી. કારણ કે આ ગાળા દરમિયાન તેમના નવરાત્રીના ઉપવાસ રહેશે. જેથી મોદીને તમામ ડિનર ઓફરને અસ્વીકાર કરવાની ફરજ પડશે. રાજદ્વારી વાતચીતના ભાગરૂપે ડિનરોનુ આયોજન કરવામાં આવે છે. પરંતુ મોદી આ ગાળામાં નવરાત્રીના ઉપવાસ પર રહેશે. મોદી છેલ્લા ૩૫ વર્ષથી નવરાત્રીના ઉપવાસ કરે છે. આ ગાળા દરમિયાન નવ દિવસ સુધી મોદી માત્ર પાણી પીવે છે. સાથે સાથે યોગ અને ધ્યાન ઉપરાંત સાંજે ખાસ પુજા પણ કરે છે. મોદી નવરાત્રીની શરૂઆત થયાના એક દિવસ બાદ અમેરિકા

જવા રવાના થઈ રહ્યા છે. મોદી ૨૬મી સપ્ટેમ્બરના દિવસે અમેરિકાની ઐતિહાસિક યાત્રાએ જઈ રહ્યા છે. મોદી વર્ષમાં બન્ને નવરાત્રી પર ઉપવાસ રાખે છે. જો કે દુવિધા છે કે નવારદી દરમિયાન અમેરિકી પ્રમુખ બરાક ઓબામા અને અમેરિકામાં રહેલા ભારતીય સમુદાય દ્વારા તેમના માટે શાનદાર ભોજનનુ આયોજન કરવામાં આવ્યું છે. અમેરિકી પ્રમુખ ઓબામા પોતે ૨૯મી સપ્ટેમ્બરના દિવસે મોદી માટે વોશિંગ્ટનમાં ડિનરનુ આયોજન કરી રહ્યા છે. એનઆરઆઈ સમુદાય દ્વારા પણ ૨૮મી સપ્ટેમ્બરના દિવસે ન્યુરોકના મૈડિસન સ્કવેર ખાતે ભોજનનુ આયોજન કર્યું છે. મોદીના નજીકના સુત્રોએ કહ્યું છે કે ગુજરાત નવરાત્રીમાં કેટલીક ખાસ ચીજો રહે છે. મોદી ઉપવાસમાં વિશ્વાસ રાખે છે. જેથી તેઓ નવ દિવસ સુધી માત્ર પાણી પીવે છે. બાળપણતી તેઓ સંતો અને તેમના ત્યાગના પ્રત્યે પ્રભાવિત રહ્યા છે. પીએમઓ અને વિદેશ મંત્રાલય દ્વારા વડાપ્રધાનના ઉપવાસના મામલે અમેરિકામાં ભારતીય દુતાવાસ સાથે સતત સંપર્કમાં છે. અમેરિકી પ્રમુખ ઓબામાના પત્નિ પણ મેનુ તૈયાર કરવામાં લાગેલા છે. જેમાં શ્રેષ્ઠ શેફસની મદદ લેવામાં આવી રહી છે.

એરસેલ કેસ : ચિદમ્બરમની ભૂમિકામાં ચકાસણી જારી છે

નવીદિલ્હી,તા. ૨૨

સનસનાટીપૂર્ણ એરસેલ-મેક્સિસ કેસમાં સુનાવણી કરનાર ખાસ ટુજી કોર્ટમાં સીબીઆઈએ કહ્યું હતું કે, ભૂતપૂર્વ નાણામંત્રી પી.ચિદમ્બરમ દ્વારા આ સોદાબાજીમાં આપવામાં આવેલી એફઆઈપીબી મંજુરી ભુલ હતી. ચિદમ્બરમની ભુમિકામાં તપાસ કરવામાં આવી રહી છે. મૂડીરોકાણ આશરે ૮૦૦ મિલિયન ડોલરનું હતુ જે રૂપિયાની દ્રષ્ટિએ આશરે ૩૫૦૦ કરોડનું છે. તત્કાલિકન નાણામંત્રીએ એફઆઈપીબી મંજુરી આપી હતી જે ભુલ હતી. આમા તપાસ ચાલી રહી છે. કેસમાં તપાસ કરનાર અધિકારીએ સ્પેશિયલ જજ ઓપી સૈની સમક્ષ આ મુજબની માહિતી આપી હતી. એજન્સીએ કહ્યું છે કે, ચિદમ્બરમે વર્ષ ૨૦૦૬માં એરસેલ-મેક્સિસ સમજૂતિમાં વિદેશી મૂડીરોકાણ પ્રમોશન બોર્ડની મંજુરી કઈ રીતે આપી તેમાં તપાસ કરવામાં આવી રહી છે. એવી દલીલ છે કે, ચિદમ્બરમ ૬૦૦ કરોડ રૂપિયાની મંજુરી આપવામાં આવનાર હતા પરંતુ ચિદમ્બરમે એવી મંજુરી આપી હતી જે આશરે ૩૫૦૦ કરોડની હતી. આ મામલો આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ સમક્ષ જવો જોઈએ તેવો ચિદમ્બરમ દ્વારા અપાયેલી મંજુરીમાં તપાસ કરી રહ્યા છે. અમે દસ્તાવેજો રજૂ કરી રહ્યા છીએ જે તત્કાલિન નાણામંત્રીની સત્તા દર્શાવે છે. સત્તાનો દુરુપયોગ થયાના આક્ષેપો થઈ રહ્યા છે.

સીબીઆઈના પ્રોસીક્યુટર કેકે ગોયેલે આ મુજબની માહિતી આપી છે. કેસમાં ચાર્જશીટમાં સીબીઆઈએ કહ્યું હતું કે, મોરિશિયસ સ્થિત એમએસ ગ્લોબલ કોમ્યુનિકેશન સર્વિસે ૮૦૦ બિલિયન ડોલર માટેની મંજુરી માંગી હતી. ચાર્જશીટમાં સીબીઆઈએ દયાનીધિ મારન, કલાનિધિ મારનને પણ આરોપી તરીકે રજૂ કર્યા હતા.

હવે શશી કપુરને શ્વાસ લેવામાં તકલીફ : હોસ્પિટલમાં દાખલ

મુંબઈ,તા. ૨૨

વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા શશી કપુરની તબિયત ફરી એકવાર ખરાબ થઈ છે. શશી કપુરને શ્વાસ લેવાની તકલીફ ઉભી થયા બાદ તેમને મુંબઈના કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની સારવારમાં રહેલા તબીબોએ કહ્યું છે કે શશી કપુર હાલ આઈસીયુમાં છે. થોડાક વર્ષો પહેલા શશી કપુર પર બાયપાસ સર્જરી પણ કરવામાં આવી

હતી. ૭૬ વર્ષીય શશી કપુરને કફ અને શ્વાસ લેવાની તકલીફ થઈ રહી હતી. શશી કપુરને રવિવારે સાંજે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના કારોબારી નિર્દેશક ડોક્ટર રામ નારાયણે કહ્યું છે કે તેમની છાતીમાં ઈન્ફેક્શન છે. તેઓ આઈસીયુમાં છે. તેમની તબિયત સ્થિર છે. તેમને એન્ટી બાયોટિક દવા આપવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શશી કપુરે તેમની કેરિયરમાં ૧૬૦થી વધારે ફિલ્મોમાં ભૂમિકા ભજવી હતી. તો ત્રણ વખત રાષ્ટ્રીય ઓવોર્ડ પણ જીતી ચુક્યા છે. વર્ષ ૨૦૧૦માં તેમને ફિલ્મફેર લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. દીવાર, સુહાગ, ત્રિશુલ, નમક હલાલ, કભી કભી, દો ઓર દો પાંચ, કાલા પત્થર તેની પ્રમુખ ફિલ્મો છે. તે વિતેલા વર્ષોમાં સૌથી લોકપ્રિય સ્ટાર પૈકીના એક તરીકે હતા. તમામ મોટા કલાકારો સાથે તે ચમક્યા હતા.અમિતાભ સાથે અનેક ફિલ્મો કરી હતી. તમામ ટોચની અભિનેત્રીઓ સાથે તેમની ફિલ્મો છે. તમામ ટોચના નિર્માતા સાથે તેમની ફિલ્મો આવી હતી. શશી કપુરની તબિયત અંગેના સમાચાર ફેલાતાની સાતે બોલિવુડના તમામ કલાકારો હોસ્પિટલમાં તેમની તબિયત અંગે માહિતી મેળવવા પહોંચ્યા હતા. ભારતીય સિનેમાના મોટા સ્ટાર તરીકે તેમને ગણવામાં આવે છે.

આઈએસઆઈના ચીફ તરીકે અંતે રિઝવાન અખ્તર

ઈસ્લામાબાદ,તા. ૨૨

પાકિસ્તાને રિઝવાન અખ્તરની આઈએસઆઈના વડા તરીકે નિમણૂંક કરવામાં આવી છે. સેનાના વડાના નજીકના મિત્ર તરીકે તેમની ગણતરી કરવામાં આવે છે. દેશની શક્તિશાળી ઈન્ટેલીજન્સ સંસ્થાના વડા તરીકે તેઓ જવાબદારી સંભાળશે. ઈન્ટર સર્વિસ ઈન્ટેલીજન્સ જાસુસી સંસ્થાના વડાના હોદ્દાને પાકિસ્તાનમાં સૌથી મહત્વપૂર્ણ પોસ્ટ પૈકી એક તરીકે ગણવામાં આવે છે. સ્થાનિક પોલિટિક્સ સાથે પણ આ સંબંધ ધરાવે છે. અલબત્ત આઈએસઆઈ સીધીરીતે વડાપ્રધાનને દરેક મામલે જાણ કરે છે પરંતુ હકીકતમાં પાકિસ્તાનમાં સ્થિતિ જુદી પ્રકારની છે. પાકિસ્તાનમાં સેના વડા દ્વારા આઈએસઆઈ ઉપર અંકુશ રાખવામાં આવે છે. સેનાના વડા જનરલ રહીલ શરીફના નજીકના મિત્ર તરીકે તેમની ગણતરી કરવામાં આવે છે.

રિઝવાન અખ્તરની આઈએસઆઈના વડા તરીકેની અવધિ પહેલી ઓક્ટોબરથી શરૂ થશે. અખ્તર વ્યૂહાત્મક મામલાઓમાં કુશળ હોવાનું જાણવા મળ્યું છે. અખ્તર સાથે નજીકના સંબંધ ધરાવનાર લોકોએ પણ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેઓ કરાંચીમાં જુદી જુદી જવાબદારી અગાઉ સંભાળી છે. ભાંગફોડ વિરોધી ઓપરેશનમાં તેઓ અનુભવ ધરાવે છે. આતંકવાદ વિરોધી ઓપરેશનમાં પણ તેઓ કુશળતા ધરાવે છે. દક્ષિણી વઝિરીસ્તાનના સરહદી પ્રદેશમાં તેઓ જવાબદારી અદા કરી ચુક્યા છે. તેમની નિમણૂંક એવા સમયે કરવામાં આવી છે જ્યારે પાકિસ્તાનમાં પણ અંધાધૂંધી ફેલાયેલી છે. પાકિસ્તાની સેના તરફથી જારી કરવામાં આવેલી યાદીમાં આ મુજબની વાત કરવામાં આવી છે. પાકિસ્તાનના વિદેશ સંબંધોમાં પણ આઈએસઆઈની ભૂમિકા રહી છે.

કાશ્મીર પુર : સેનાના કેમ્પ, બંકરો, ચોકીઓને નુકસાન

શ્રીનગર,તા. ૨૨

જમ્મુ કાશ્મીરમાં તાજેતરમાં વિનાશકારી પુરના કારણે ભારતીય સેનાને પણ ભારે નુકસાન થયું છે. કેમ્પ અને બંકર તથા પોસ્ટ સહિત ૭૦થી વધુ સેનાના કેન્દ્રોને ભારે નુકસાન થયું છે પરંતુ સુરક્ષા દળોએ અતિ ઝડપથી નુકસાનને પહોંચી વળીને સ્થિતિ વ્યવસ્થિત કરી દીધી છે. સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં તેનાતીને વધારી દેવામાં આવી છે. કેટલાક કેન્દ્રો પુરના કારણે સંપૂર્ણપણે અથવા તો આંશિકરીતે પાણીમાં ડુબી ગયા હતા. પરંતુ સુરક્ષા દળોએ તમામ સૈનિકોને બચાવી લેવામાં સફળતા મેળવી હતી. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, પુરના કારણે ૩૦થી ૪૦ કેમ્પો, પોસ્ટ અને બંકરોને ભારે નુકસાન થયું છે. કાશ્મીર ખીણમાં આતંકવાદ વિરોધી ઓપરેશન માટે આ બંકરો અને ચોકીઓ ગોઠવવામાં આવી હતી. અંકુશરેખા પર ૩૦ ચોકીઓ અને બંકરોને ભારે નુકસાન થયું છે જ્યારે એકંદરે ૧૦થી ૧૫ બંકરોને સંપૂર્ણપણે નુકસાન થયું છે. જો કે, સેનાએ ઝડપથી કાર્યવાહી આગળ વધારીને સ્થિતિને હળવી કરી લીધી છે. બંકરો પણ તાત્કાલિક સુધારી દેવામાં આવ્યા છે.

જાણકાર લોકોનું કહેવું છે કે, તમામ સૈનિકોને બચાવી લીધા હતા. પુરના લીધે ભારે નુકસાન થયા બાદ સ્થિતિ સુધારવામાં આવી છે. દારુગોળાના બે કેન્દ્રોને નુકસાન થયું હતું. જો કે, હથિયારોને કોઈ નુકસાન થયું નથી. ભારતીય સેના બેવડા મિશન ઉપર છે જેમાં એક બાજુ પુરગ્રસ્ત લોકોને બચાવી લેવાના મિશનનો સમાવેશ થાય છે જ્યારે અન્ય મિશન પોતાના સંસાધનો અને જવાનોને બચાવી લેવાનો પણ છે. બંને ભૂમિકાઓ સેનાના જવાનોને અસરકારકરીતે અદા કરી છે. આ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં રહેતા લોકોને તબીબી સહાયતા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સરહદ ઉપર ત્રાસવાદીઓ સામે જંગ પણ યથાવત રહે છે જેના ભાગરુપે ઘુસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવી ૧૦ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે.

હરિયાળું હરણોદ્યાન (પાના નં. ૪ નું ચાલુ)

હરણોદ્યાનના વહીવટ માટે અરીસાઘર (મિરર હાઉસ) સામે ઇંટોથી માટીનું ચણતર કરી એક મકાન બનાવવામાં આવેલું. ત્યાં બગીચો પણ હતો. વળી હરણના પાંજરાની સામે પણ સુંદર બગીચો હતો, બાકી કુદરતી જંગલ જેવી વનરાજી, પંખીઓ તો કલરવ અને ખળખળ વહેતી સાબરમતી નદીનું નૈસર્ગિક સૌંદર્ય મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરતું. નદીકાંઠાના કોતરોને નવસાધ્ય કરી અહીં વૃક્ષ વાવેતરો કરાતાં સુંદર વનવૃક્ષો લહેરાવા લાગ્યાં હતા. તેમાં કુદરતી ઉગાવાના કારણે આ વનોની ગીચતામાં ખાસ્સો વધારો થયો હતો. જેના લીધે આ વિસ્તારમાં વૃક્ષો, વેલાઓ, છોડવાઓ અને શ્રુપોની ખુબ વિવિધતા જોવા મળતી. વળી કુદરતી ઢોળાવવાળી ઉબડખાબડ ભૂમિમાં બનાવેલી વનકેડીઓ પર ફરવા આવતાં મુલાકતીઓને મુક્તિનો એક અનેરો આનંદ પણ મળતો. જો કે આ પ્રકૃતિ ઉદ્યાન ખાસ તો લોકોને પ્રકૃતિ અંગેનું જ્ઞાન આપવા, લોકોમાં પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની સભાનતા કેળવવા, લોકોને પ્રકૃતિની અસલીયતને માણવાની તક પુરી પાડવા તેમજ જે પ્રાણીઓ હવે કુદરતમાં ઓછાં થઇ ગયાં છે અને જેમનું અસ્તિત્વ ભયમાં છે તેવા પ્રાણીઓ અને પક્ષીઓ ને બચાવવા જેવા ઉમદા હેતુઓ સર બનાવવામાં આવેલ હતો.

ગુજરાત પ્રકૃતિ મંડળે સને ૧૯૭૭માં આ હરણોદ્યાન ખાતે એક પ્રાકૃતિક ઇતિહાસ પ્રદર્શન ઉભું કરવાનું સૂચન કરેલું ત્યારબાદ ગુજરાત સરકારે આ પ્રદર્શન ઊભું કરવા માટે એક પ્રાકૃતિક ઇતિહાસ પ્રદર્શન સમિતિની રચના કરેલી. આ સમિતિની ભલામણોને આધારે હાલમાં ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન નામે જાણીતા આ વિસ્તારને ઉપરોક્ત હેતુઓ માટે પસંદ કરવામાં આવ્યો હતો. તે સમયે હરણોદ્યાનની મુલાકાતે અમદાવાદ કાંકરીયા પ્રાણી સંગ્રહાલયના પ્રાણીવિદ રૂબીન ડેવિડ પણ ઘણી વખત આવતા કેમ કે એ નેચરલ હિસ્ટી મ્યુઝીયમ સાથે સંકડાયેલા હતા અને ગુજરાતી પ્રકૃતિ મંડળનું સભ્યપદ પણ ધરાવતા હતા.

હું મેં વાંચેલી હકીકતો અને અહીં કામ કરતા આ લોકોની વાતો વચ્ચે તાલમેલ મિલાવવાનો વિચાર કરતો હતો. આ બધી હરણોદ્યાનના ક્રમીક વિકાસની વાતોમાં મને રસ પડ્યો હતો, પરંતુ મને એ પણ વિચાર આવતો હતા કે લોકોની સુવિધાઓ ઊભી કરવામાં આપણે પ્રકૃતિને કંઇ હાનિ તો પહોંચાડતા નથી ને? પાંજરામાં રાખેલા આ પ્રાણીઓ અને મુક્ત વિહરતાં કલરવતાં આ પંખીઓ ક્યારેક આપણાં વિશે એટલે કે માનવ વિષે વિચારતાં હશે તો શું વિચારતાં હશે? એ જાણવામાં પણ રસ તો જરૂર પડે પણ જાણી કઇ રીતે શકીએ. મને તો એ જાણવું જરૂરી ગમે. તમે પણ જરા વિચારી જોજો.

(ક્રમશઃ)

વિચારયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

સમાજ માત્ર સ્ત્રી કે માત્ર પુરુષના સમુદાયથી જ નથી બનતો. સમાજ બને છે સ્ત્રી અને પુરુષના સહચર્યથી, પરંતુ રંજની વાત એ છે કે બીમાર માનસિકતાવાળા પુરુષ વર્ગને આ વાત સમજાતી નથી અથવા એમ કહો કે એને સમજવી નથી. તેઓ સ્ત્રીનું પોતાના પરનું આધિપત્ય કે સ્ત્રીની પોતાની સાથેની બરોબરી સ્વીકારી શકતા નથી. આ વિશે પુરુષો સામે વાત છેડવામાં આવે તો પુરુષ સમુદાયમાંથી ઘણા પુરુષોનો જવાબ એવો હશે કે સ્ત્રીઓ પર તો આદિકાળથી અત્યાચાર થતો આવ્યો છે, એમાં કંઈ નવું નથી. જો કોઈ વાત કે કોઈ પરંપરા ખોટી હોય અને એ સદીઓથી ચાલી આવતી હોય તો શું એને અટકાવી ન શકાય? સદીઓથી ચાલી આવતી ખોટી પરંપરા હજુ સુધી ચાલી આવે છે એનો મતલબ એ નથી કે એનો વિરોધ ન કરી શકાય. હિંસાનો આનંદ લેવો એ પણ એક પ્રકારનો અત્યાચાર જ છે અને એ કોઈ પણ સમાજ માટે માન્ય નથી. એમાં પણ જયારે કોઈ સમાજ પોતાને સભ્ય સમાજની શ્રેણીમાં મૂકતો હોય ત્યારે તો આ વાત બિલકુલ ચલાવી શકાય નહી.

બે વર્ષ પહેલાં દિલ્હીમાં ઘટેલી નિર્ભયાની ઘટના હોય કે પછી હરિયાણાથી માંડીને ઉત્તર પ્રદેશની મહિલાઓ પર દુષ્કર્મની ઘટના હોય, દરેક ઘટનામાં માત્ર સ્ત્રી જાતિ પર જ અત્યાચાર કરીને એને બરબાદ કરવામાં આવી છે. શું ખરેખર આપણે બીમાર સમાજમાં રહીએ છીએ? આ બીમારીનો કોઈ ઈલાજ નથી? રક્તપિત્તની જેમ આ બીમારી શું આપણા મન મસ્તિષ્કયો બુટ્ટા બનાવી રહી છે? ક્યાં સુધી આપણે આંખ આડા કાન કરીને હાથ જોડીને બેઠા રહીશું? સમાજ આપણો છે. આપણે આ જ સમાજમાં રહીએ છીએ તો આપણને બચાવવા કોઈ ફરિશ્તો આવે એની પ્રતીક્ષા શા માટે કરવી જોઈએ? આપણે ક્યારે જાગીશું?

સમાચાર ઝલક

- આયોજન પંચને બદલવા અંગેની સક્રિય કાર્યવાહી શરૂ.
- હજ કરવા માટે હવે લોન પણ મળી શકશે.
- દરિયાઈ માર્ગે પરિવહન માટે રાજ્ય સરકાર નવી કોસ્ટલ નીતિ બનાવશે.
- એશિયાડમાં ભારતે પહેલી હોકી મેચ જીતી.
- મંગળયાન એન્જિન ટેસ્ટીંગ પ્રક્રિયા હાથ ધરાશે. તમામ નિષ્ણાતોની નજર.
- ન્યુઝીલેન્ડનો પૂર્વ સ્ટાર ક્રિકેટ ખેલાડી ક્રિસ કેયર્ન્સ બસો-સ્ટેન્ડની સફાઈ કરવા મજબૂર બન્યો.
- ઉત્તરપ્રદેશમાં કાનુન વ્યવસ્થા પર કોઈ અંકુશ નથી-રાજ્યપાલ શ્રી રામ નાઈક.
- યુગાન્ડાના વડાપ્રધાન બરતરફ.
- જર્મનીના મુસ્લિમોએ અલગતાવાદ વિરૂદ્ધ શાંતિદિન મનાવ્યો.
- સાઉદી અરબમાં સલુનમાં પુરૂષોના વાળ કાપતી મહિલાઓને ઝડપી લેવાઈ.
- જન્મ-મરણની જેમ દરેક ભૃણનું પણ રજીસ્ટ્રેશન થશે.
- મહારાષ્ટ્ર ચૂંટણીમાં એક પક્ષે ૧૦ રૂપિયામાં ભોજનનું વચન આપ્યું.
- અલકાયદાએ ભારતમાં શાખા ખોલ્યા હોવાની બાબતથી તંત્રમાં ખળભળાટ.
- શુટર જીતુરાયને ઉત્તરપ્રદેશ સરકાર ૫૦ લાખનું ઈનામ આપશે.
- હળવદનો વિશિષ્ટ દરિયાકાંઠો-૭ માસ મીઠાનું ૪ માસ ઝીંગાનું ઉત્પાદન ઝીંગાની વિદેશમાં નિકાસ થાય છે.
- ૧ લાખથી વધુની તમામ એફ.ડી.ની ચકાસણી કરવા બેંકોને આદેશ.
- દિલ્હીમાં સરકારી શાળાના રૂમમાં વિદ્યાર્થીની સાથે શિક્ષકે દુષ્કર્મ આચર્યું.
- તા.૨૫મી સપ્ટેમ્બરથી ૧લી ઓકટોબર સુધી સ્વચ્છ ભારત સપ્તાહ ઉજવાશે.
- મુંબઈની હોસ્પિટલમાં છ ફિલ્મી અભિનેત્રીઓ દાખલ કરાઈ : ટીના દત્ત, કાંચી સિંઘ, પ્રીતી ચૌધરી, અંકિતા લોખંડે, રતન રાજપુત, દીપીકા સેમસેન.